**647510** **BRS2GujE801A** **Seat No :________**

## B.R.S. Semester - 2 (*CBCS*) Examination
## June/July-2022 [NEW COURSE]
## GUJARATI(ELE-8)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.૧ ગદ્યખંડનું વિવરણ કરવું એ એક કલા છે. ગદ્યખંડ વિવરણ વખતે કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ- સવિસ્તાર લખો. (૧૫)

અથવા

પ્રશ્ન.૧

- ગદ્યખંડ વિવરણ કરો.

"ભગવાને દરેક માણસને શક્તિ આપી છે. માણસ પોતાની શક્તિને વિક્સાવીને તેમ જ કેળાવીને જીવનમાં આગવી સફળતા મેળવી શકે. તે જો હાર્દિક પ્રત્યન કરે તો પોતાનાં ક્ષેત્રમાં અવશ્ય નવા માર્ગનું નિર્માણ કરી શકે અને એ રીતે પ્રગતિ સાધી શકે. પણ સામાન્ય રીતે માણસો પોતાની શક્તિને પૂરેપૂરી ઓળખતા કે વિકસાવતા નથી. તેઓ તો બીજાને પગલે પગલે જ ચાલે છે. કાં તો બીજાનાં પગલાં ભૂંસવા પ્રયત્નો કરે છે. પોતે કાંઈ નવું કરવાની પ્રરણા કે ધગશ રાખતા નથી. જગતનાં તમામ મહાપુરૂષોએ, શોધકોએ, ચિંતકોએ હરહમેંશ કાંઈક નવું અને સકારાત્મક કરવાની હોંશ રાખી છે. પોતે જ પોતાનં 'આત્માગુરુ' બન્યાં છે. એ જ આપણાં અધ્યાત્મનાં ચિંતનનો સાર-સંદેશ પણ છે. એ જ પ્રેરણાનું પોતીકું ઝરણું છે. તેને ઓળખવું જ રહ્યું".

પ્રશ્ન.૨ સંક્ષેપીકરણ એ એક કલા છે. કોઈપણ ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરતી વખતે કઈ બાબતો ધ્યાને રાખવી જોઈએ. વિગતે લખો. (૧૫)

અથવા

પ્રશ્ન.૨

- સંક્ષેપીકરણ કરો.

"એક વસ્તુ તરફ ભલભલા કેળવણીકારોનું પણ ધ્યાનગયું નથી. હાથપગની કેળવણીથી કૌશલ્ય કેળવાય છે, એટલું જ નહિ પણ રચનાત્મક બુદ્ધિ ખિલે છે અને સંસ્કારિતા કેળવાય છે, એનું ભાન જોઈએ એટલા લોકોને નથી થયું એ દુ:ખની વાત જ કહેવાય. પણ હાથપગનાં સ્વાશ્રય વિના ચારિત્ર્ય પણ કોઈ કાળે કેળવાતું નથી, અને કેળવાય તો પણ એ લાંબા ગાળા સુધીનું કે મજબુત બની રહેતું નથી. વિલાસિતા જાળવીને કોઈએ ચારિત્ર્ય સાચવ્યું છે એમ આજ સુધી બન્યું નથી. કેમ કે એ વાત મનુષ્ય સ્વભાવની વિરૂધ્ધ છે. સ્વાશ્રય અને સંયમ એ ચારિત્ર્યનાં બે ફેફસાં છે. સ્વાશ્રય અને સંયમ ના હોય તો માણસ લુચ્ચાઈ અને કપટનીતિનો આશ્રય શોધે છે. જે માણસ મહેનતનું કમાઈને ખાય છે. તે જ સાચો ચારિત્ર્યવાન છે. મહેનત વિનાનું ને મફતનું કમાઈને ખાય છે. તે જ સાચો ચારિત્ર્યવાન બની રહે એ થોડું વધારે પડતું વિશ્વાસ રાખવું કે મૂક્વા જેવું છે. શ્રમમાં શરમ શેની? શ્રમને જ સંસ્કાર ગણે તે ખરી સંસ્કૃતિ".

પ્રશ્ન.૩ નીચેનામાંથી કોઈપણ સમાસ વિશે લખો. (૧૫)

1. ભન્દ્ર સમાસ.
2. તત્પુરૂષ સમાસ.
3. કર્મધારય સમાસ.
4. ઉપપદ સમાસ.
5. બહુવ્રીહિ સમાસ.

પ્રશ્ન.૪ ગુજરાતી ભાષામાં આવતાં અર્ધવિરામ, ગુરૂવિરામ અને પ્રશ્નાર્થ ચિન્હનું સ્થાન અને મહત્વ વિગતે સમજાવો. (૧૫)

અથવા

પ્રશ્ન.૪ ગુજરાતી ભાષામાં વપરાતાં મહત્વનાં ચિન્હોનાં નામ જણાવીને, પૂર્ણવિરામ, ઉદ્‌ગાર અને અલ્પવિરામનું સ્થાન અને મહત્વ વિગતે સમજાવો.

પ્રશ્ન.૫ નીચેનાં રૂઢિપ્રયોગનો અર્થ સમજાવી, વાક્યમાં પ્રયોગ કરો. (૧૦)

1. મોં કાળુ કરવું.
2. દીવો લઈને કુવામાં પડવું.
3. પાટલીઓ બદલવી.
4. મન મૂકીને વરસવું.
5. જીભ સંભાળીને બોલવું.

અથવા

પ્રશ્ન.૫ નીચેની કહેવતોનો અર્થ સમજાવો.

1. અધૂરો ઘડો છલકાય.
2. રામ રાખે તેને કોઈ ન ચાખે.
3. પથ્થર ઉપર પાણી.
4. મન હોય તો માળવે જવાય.
5. મોરનાં ઈંડાને ચીતરવાં ન પડે.

**********************************